# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-04-2024 Evening : 7.50 to 8.00
Day : THURSDAY National News

**આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

*************************************************

- લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આવતીકાલે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે મતદાન થશે.
- ચૂંટણી પંચે ભાજપ અને કોંગ્રેસના પ્રચારકો દ્વારા આચારસંહિતાના કથિત ભંગની ઘટના અંગે બંને પક્ષોના અધ્યક્ષોને 29મી એપ્રિલ સુધીમાં પ્રતિભાવ આપવા કહ્યું છે.
- રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે ઝડપી ફોરેન્સિક પરીક્ષણો માટે દેશમાં તકનીકી રીતે અદ્યતન પ્રયોગશાળાઓની સંખ્યા વધારવાનું સૂચન કર્યું છે
- ભારતના વિદેશ મંત્રાલયે રશિયામાં અટવાયેલા ભારતીયોને સ્વદેશ લાવવા અંગે રશિયાના વિદેશ અને સંરક્ષણ મંત્રાલયો સાથે વાતચીત શરૂ કરી છે.
- બિહારના પટણા શહેરની હોટલમાં આજે બપોરે લાગેલી આગમાં ત્રણ મહિલા સહિત છ વ્યક્તિઓના મોત નિપજ્યા છે અને 15 જણાને ઇજા થઈ છે.
- ભારતના તરૂણદીપ રાય, ધીરજ અને પ્રવીણ જાદવની ટીમે શાંઘાઈ તિરંદાજી વિશ્વકપ સ્પર્ધાની પુરૂષોની રીકર્વની ફાયનલમાં પ્રવેશ કર્યો છે.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV-SECOND-PHASE-ELECTION

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આવતીકાલે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે મતદાન થશે.

જેમાં કેરળની 20 બેઠકો, કર્ણાટકની 14 બેઠકો, રાજસ્થાનની 13 બેઠકો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની છ બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકો, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ બેઠકો અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક આ તબક્કામાં મતદાન થશે. મધ્યપ્રદેશના બેતુલ સંસદીય મતવિસ્તાર માટે મતદાન જે બીજા તબક્કામાં નિર્ધારિત હતું તે હવે BSP ઉમેદવારના નિધનને કારણે ત્રીજા તબક્કામાં યોજાશે.

દરમિયાન આગામી 13મી મે ના રોજ યોજાનારી લોકસભાની ચોથા તબક્કાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રોની આવતીકાલે ચકાસણી કરાશે. ઉમેદવારી પત્રો 29મી એપ્રિલ સુધીમાં પરત ખેંચી શકાશે. આથી લોકસભાની 96 બેઠકો માટે કેટલા ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. એ બાબત 29મી એપ્રિલે સ્પષ્ટ થશે.

ચોથા તબક્કામાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરની 96 બેઠકોની ચૂંટણી યોજાવાની છે.

# EC _COMPLAIN

કેન્દ્રીય ચૂંટણી પંચે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકો દ્વારા આદર્શ આચાર સંહિતાના કથિત ભંગની ઘટના ધ્યાન પર લીધી છે અને આ મામલે ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને પત્ર લખીને આ મહિને 29 તારીખે, સવારે 11 વાગ્યા સુધીમાં પ્રતિભાવ આપવા કહ્યું છે.

ચૂંટણી પંચે પક્ષોને લખેલા એક પત્રમાં લખ્યું છે કે તમામ મુખ્ય પ્રચારક રાજકીય સંબોધનનાં આદર્શ ઉદાહરણ રજૂ કરે અને આદર્શ આચાર સંહિતાના નિયમોનું પાલન કરે. કોંગ્રેસ, CPI તેમજ CPI-Mએ ભાજપના વરિષ્ઠ નેતાએ રાજસ્થાનના બાસવડામાં આપેલા નિવેદન અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. તો સામે પક્ષે ભાજપે કોંગ્રેસ વરિષ્ઠ નેતાએ કેરળના કોટ્ટાયમમાં આપેલા ચૂંટણી સંબોધનના મુદ્દાઓ સામે વાંધો ઉઠાવ્યો છે.

# campaigning Lok Sabha Elections

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના આગરા અને બરેલી જિલ્લાઓમાં ચૂંટણી રેલીમાં સંબોધન કરતી વખતે કોંગ્રેસ સામે ધર્મના નામે અનામતની તરફેણ કરવાનો આક્ષેપ કર્યો છે. તો લખીમપુર ખેરી અને ઇટાવામાં ભાજપના વરિષ્ઠ નેતા અને સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે ચૂંટણી સભાઓને સંબોધતા કેન્દ્રની એનડીએ સરકાર દ્વારા સરહદી વિસ્તાર વધુ સલામત બનાવવા લેવાયેલા પગલાંઓની વિગતો આપી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે તેલંગાણામાં મેઢક લોકસભા ચૂંટણી મતવિસ્તારમાં રેલીને સંબોધી હતી. તેમણે દાવો કર્યો કે ભાજપના શાસનમાં તેલંગાણાનો સર્વાંગી વિકાસ શક્ય છે.

શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આજે પુણેમાં તેનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો, જેમાં જાતિ ગણતરીની તરફેણ, ખેડૂતોના કલ્યાણ માટે અલગ કમિશન, અને નોકરીઓમાં મહિલાઓ માટે 50 ટકા અનામતનું વચન આપવામાં આવ્યું છે.

# HARIYANA _ EC

હરિયાણાના મુખ્ય ચૂંટણી કાર્યાલયે લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય એ દિશામાં અનોખી પહેલ કરી છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ અગ્રવાલે કહ્યું છે કે આ વખતે હરિયાણામાં 75 ટકા જેટલું જંગી મતદાન થાય એ હેતુથી રાજ્યમાં પહેલીવા ૨૩0 વિધાનસભા ક્ષેત્રોમાં ‘વોટર ઇન ક્યૂ’ મોબાઇલ એપ ઉપરાંત લગ્ન પ્રસંગે અપાતી કંકોત્રી જેવા આમંત્રણ અપાઈ રહ્યા છે.

જેમાં લોકોને મતદાન ન ભૂલી જવાની ટેક સાથે મતદાન દિવસ, સ્થળ સહિતની માહિતી સાથે મીઠો સંદેશો પાઠવાયો છે. એટલું જ નહીં રાજ્યના મતદાતાઓને પ્રેરિત કરવા માટે શપથ પણ લેવડાવવામાં આવી રહ્યા છે. નાગરિક શપથ ગ્રહણ સમારોહમાં લોકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે..

# AAP _ PROTEST

આમ આદમી પાર્ટીએ આજે કથિત દિલ્હી એક્સાઇઝ પૉલિસી કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં દેખાવો કર્યા હતા. પાર્ટીએ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રચાર ઝૂંબેશ શરૂ કરી છે. જેમાં ધરપકડનો જવાબ મતદાન દ્વારા આપવાની અપીલ કરાઈ છે.

દરમિયાન દિલ્હીમાં પત્રકારોને સંબોધતા આપ નેતા સંજય સિહેં મુખ્યમંત્રી વિરુદ્ધ ષડયંત્ર રચાઈ રહ્યું હોવાનો આરોપ મૂક્યો.

# CONGRESS- BJP

આજે દિલ્હીમાં પત્રકારોને સંબોધતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે ભાજપ ચૂંટણી ઢંઢેરાને ખોટી રીતે રજૂ કરી રહ્યું છે.

જયરામ રમેશે ઉમેર્યું કે...કોંગ્રેસે ‘ભારત જોડો યાત્રા’ અને ‘ભારત જોડો ન્યાય યાત્રા’  દરમિયાન લોકોએ આપેલા પ્રતિભાવને આધારે ઢંઢેરો તૈયાર કર્યો છે....અને ભાજપ એવા મુદ્દો ઉઠાવી રહી છે, જે ઢંઢેરામાં છે જ નહીં. જયરામ રમેશે મોંઘવારી તેમજ બેરોજગારી મામલે ભાજપ સામે પ્રહારો કરતા કહ્યું કે કોંગ્રેસ લોકોના મુદ્દાઓને આધારે આ ચૂંટણી લડવા માગે છે..

# IPL _MATCH

IPL ક્રિકેટમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે. હૈદરાબાદમાં મેચ રમાઈ રહી છે. મેચની શરૂઆત થતા RCB એ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.....

છેલ્લાં સમાચાર અનુસાર 1 વિકેટ ગુમાવીને 59 રન બનાવ્યા છે.

# NHRC - FORENSIC LABS

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ-NHRCએ ઝડપી ફોરેન્સિક પરીક્ષણો માટે દેશમાં તકનીકી રીતે અદ્યતન પ્રયોગશાળાઓની સંખ્યા વધારવાની માંગ કરી છે. NHRC એ ફોજદારી ન્યાય પ્રણાલીના સુધારા પર આયોજિત એક બેઠકમાં જણાવ્યું હતું કે તપાસ અને ફોરેન્સિક તપાસ એકબીજાથી અલગ થવાને બદલે એક પ્રક્રિયાનો ભાગ હોવા જોઈએ.

આ બેઠકમાં ફોરેન્સિક રિપોર્ટમાં વિલંબ ઘટાડવા, પ્રોસિક્યુશન સિસ્ટમમાં સુધારો કરવા અને ફોજદારી ન્યાય વ્યવસ્થામાં વપરાતી ભાષાને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સંબોધન કરતાં NHRCના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાએ સરકારી વકીલોની નિમણૂકમાં પારદર્શિતા અને યોગ્યતા સુનિશ્ચિત કરવા કેડર-આધારિત સેવાની રચના માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું કે સરકારી વકીલો માટે સંશોધન અને વિશ્લેષણ એકમની સાથે તાલીમ એકેડમીની પણ સ્થાપના કરવી જોઈએ. તેમણે સરકારી વકીલો, ફોરેન્સિક ટીમો અને પોલીસ વચ્ચે સંકલન વધારવા પર ભાર મૂક્યો હતો.

# Ministry of Foreign Affairs of Russia.

ભારતના વિદેશ મંત્રાલયે રશિયામાં વિવિધ ક્ષેત્રોમાં અટવાયેલા ભારતીયોને સ્વદેશ લાવવા અંગે રશિયાના વિદેશ અને સંરક્ષણ મંત્રાલયો સાથે વાતચીત શરૂ કરી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, વિદેશ મંત્રાલયે રશિયામાં અટવાયેલા ભારતીયોને સ્વદેશ લાવવાની પ્રતિબદ્ધતા દોહરાવી છે. તેમણે કહ્યું કે, દસ ભારતીયો રશિયામાંથી ભારત પાછા ફર્યા છે. રશિયાએ બીજા ભારતીયો પણ ટૂંક સમયમાં મુક્ત કરાશે એવી ખાતરી આપી છે.

બીજા એક પ્રશ્નના જવાબમાં શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે, ઇટાલીમાં યોજાનારી જી-7 દેશોની બેઠકમાં ઉપસ્થિત રહેવા ભારતને આમંત્રણ મળ્યું છે.

# Bihar fire

બિહારના પટણા શહેરમાં એક હોટલમાં આજે બપોરે લાગેલી આગમાં ત્રણ મહિલા સહિત છ વ્યક્તિઓના મોત નિપજ્યા છે અને 15 જણાને ઇજા થઈ છે. શહેર પોલીસના વડાએ પત્રકારોને જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જણાવ્યું છે. ત્યાર બાદ રાધણ ગેસના સિલિન્ડરમાં વિસ્ફોટ થતાં હોટલ અને આસપાસની કેટલીક ઇમારતોને નુકસાન થયું છે. અગ્નિશામક દળના જવાનોએ 45 લોકોને બચાવી લીધા છે.

દરમિયાન બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારે આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર લોકો અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

# Archery World Cup

ભારતના તરૂણદીપ રાય, ધીરજ અને પ્રવીણ જાદવની ટીમે શાંઘાઈ તિરંદાજી વિશ્વકપ સ્પર્ધાની પુરૂષોની રીકર્વની ફાયનલમાં પ્રવેશ કર્યો છે. રવિવારે યોજાનારી સ્પર્ધાની ફાયનલમાં ભારત અને દક્ષિણ કોરિયાની ટીમ વચ્ચે મુકાબલો થશે. આ સાથે ભારતને વધુ એક ચંદ્રક મળે તે બાબત સુનિશ્ચિત થઈ છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના પુરૂષ અને મહિલા તિરંદાજોની ટીમોએ કમ્પાઉન્ડ સ્પર્ધામાં દેશ માટે બે મેડલ સુનિશ્ચિત કર્યા છે.

# Jammu and Kashmir

જમ્મુ અને કાશ્મીર પોલીસે જમ્મુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં મોટા પ્રમાણમાં હેરોઇનના જથ્થા સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, સંબંધિતો પાસેથી 169 ગ્રામ હેરોઇનનો જથ્થો મળી આવ્યો છે જેની કિંમત લાખો રૂપિયા થવા જાય છે. પોલીસે આ સંદર્ભમાં બે આરોપીઓ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# US _ TIK TOK BAN

અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઇડને ટિક ટોક એપ પર રોક લગાવતા ખરડાપર હસ્તાક્ષર કરી દીધા છે. નવા કાયદા પ્રમાણે ચીનની ByteDance કંપનીને સમય અપાયો છે, જેમાં કંપનીને અમેરિકીકંપનીઓને ટીક ટોક એપ વેચવાનું બંધ કરવાનું તેમજ તેને બજારમાંથી હટાવી લેવાનું કહેવાયું છે.

ચીન સરકાર દ્વારા આ એપના ડેટોનો ઉપયોગ થતો હોવાની ચિંતાને જોતા અમેરિકી સરકારે આ પગલું લીધું છે. બુધવારે અમેરિકાની સંસદે આ ખરડાને માન્યતા આપી હતી. ટિક ટોકે આ કાયદાને ગેરબંધણીય ગણાવતા તેને કોર્ટમાં પડકારવાની વાત કહી છે. આ ઉપરાંત અમેરિકી સંસદે યુક્રેન, ઇઝરાયેલ તેમજ અન્ય દેશોને આર્થિક સહાય અંગેના મહત્વના ખરડાને પણ મંજૂરી આપી દીધી છે.

# ASSOCHAM- GLOBALLEADERSHIP SUMMIT

એસોચેમ દ્વારા આજે દિલ્હીમાં વૈશ્વિક IP નેતૃત્વ શિખર સંમેલન તેમજ પુરસ્કાર સમારોહ યોજાયો હતો. જેનો હેતુ વૈશ્વિક સ્તરે નવાચાર અને સ્થિરતા સંદર્ભે દૃષ્ટિકોણ રજૂ કરવા, શ્રેષ્ઠ વિચારો તેમજ રણનીતિ સાઝા કરવા માટે ઉદ્યોગ જગતના લોકોને એક મંચપર લાવવાનો હતો.

શિખર સંમેલનને સંબોધિત કરતા એસોચેમ IPR પરિષદના અધ્યક્ષ પ્રવિણ આનંદે બૌદ્ધિક સંપદાની પરિવર્તનકારી શક્તિ અને પારંપરિક જ્ઞાન તેમજ સંસ્કૃતિ પર તેની થનારી ભાવી અસરો પર ભાર મૂક્યો. તેમણે નિયમનકારી પડકારોને પહોંચી વળવા સુધારાઓ સૂચવ્યા હતા.